## આગળ વધતા રહો

આ વેબસાઇટ બધા બદલાવો વિષે છે જે બને છે જ્યારે તમે વયસ્ક બનવાના હો. આ સાઇટને 'મૂવીંગ ઓન અપ' કહેવાય છે.
એ વિશેષ કરીને તમારા માટે છે જો:
તમે યુવાન વ્યકિત છો
તમે લઘુમતી ધરાવતી વંશ મૂળની જાતિમાંથી આવતા હો
તમે એ જાણવાની ઇચ્છા ધરાવતા હો કે એક યુવાન વ્યકિત બધુ શું કરી શકે.

નોંધ: કુટુંબો, શિક્ષકો, મદદનીશો અને સહાયકારોને પણ એને જોવાની ઇચ્છા થશે!

અમે ઇચ્છીએ છીએ કે આ સાઇટ દરેક વ્યકિત માટે હોય અને કેટલાક લોકો અંગ્રેજીનો ઉપયોગ કરતા નથી. એ સારી બાબત હશે જો આ સાઇટ પર અમે અન્ય ભાષાઓનો ઉપયોગ બધા સમયે કરી શકીએ પરંતુ એ ઘણી મોટી બાબત બનાવશે. દરેક વિભાગમાં અગત્યની બાબતો જાણવાની છે અને આ અલગ અલગ ભાષાઓમાં લખાયેલી છે.

**આ સાઇટનો ઉપયોગ કરવા**
સાઇટની આરપાર તમારી શોધ તમે ઉપરના બટનોના ઉપયોગથી કરી શકો છો. અમારી સાઇટ માટે ફટાકડાનું ચિન્હ છે; ફટાકડાઓ ચમકતા અને ઉત્તેજક છે, સાઇટ ચમકતી અને ઉત્તેજક છે. તમારુ જીવન ચમકતું અને ઉત્તેજક હોવું જોઇએ!

તમારા જીવનમાં તમને જરુરી અલગ અલગ બાબતોના પાનાઓ આ સાઇટ પર છે. આ છે:

શિક્ષણ અને રોજગાર
મુકત સમય
સ્વાસ્થ્ય અને સારા રહેવું
નાણાં અને લાભો
રહેઠાણ
સંસ્કૃતિ

દરેકમાં પોતાનું વિશિષ્ટ ચિત્ર અને રંગ છે. આ તમને જાણવામાં મદદ કરશે કે તમે સાઇટ પર ક્યાં છો.

**આપણો ભાવાર્થ શું હોય છે જ્યારે આપણે 'સંક્રમણ' કહીએ છીએ?**
સંક્રમણનો અર્થ આપણી જીંદગીઓના એક ભાગથી બીજો બદલવો. સંક્રમણ જેની આપણે વાત કરી રહયા છીએ એ બાળક થી વયસ્ક અથવા વિકસિત વ્યકિત બનવાના બદલાવ વિષે છે. આ એ સમય છે જ્યારે આપણે શાળામાંથી આગળ વધીએ છીએ અને આપણે જીવનનું આયોજન કરવાની શરુઆત કરીએ છીએ કે આપણી જીંદગીઓમાં આપણે શું કરવા ઇચ્છીએ છીએ. પછી એ આયોજનો બનવા દેવાની આપણે શરુઆત કરીએ છીએ. આમાં મદદ મેળવવાના ઘણાં અને ઘણાં રસ્તાઓ છે અને આ વેબસાઇટ તેઓમાંના કેટલાક પર નજર નાખે છે. આપણા જીવનમાંનો આ સમય: રોમાંચક, પડકારજનક/ડરપોક, મૂંઝવણભર્યો અને ચિંતાની બાબતનો હોઇ શકે છે. આ બાબતો અનુભવવી બરાબર છે અને આપણે બધા આવી બાબતોનો કેટલીક વખત અનુભવ કરીએ છીએ. એ માત્ર તમારા માટે યોગ્ય રીતભાત શોધવા વિષે છે અને ખાતરી કરવા કે તમે બધી બાબતો જાણો છો જે તમને મદદ કરી શકે.

વયસ્ક બનવાના તમારા સમયે ઘણી બધી બાબતો બદલાય છે. તમારામાંના કેટલાક હાલમાં આવા અનુભવો કરી રહયા હશો. તમારામાંના કેટલાક હવે શરુઆત કરી રહયા હશે. તમે કદાચ તમને શું બનવાનું છે એ વિષે વિચારી રહયા હશો. શું તમે: નવા મિત્રો બનાવવાના છો, કામ શોધવાના છો, કઇક નાણાં મેળવવાના છો, તંદુરસ્ત રહેશો, પર્યટન અને રજાઓ પર જશો, તમારા પોતાનું ઘર બનાવશો, પ્રેમમાં પડશો, નવી બાબતો શીખશો. વિચારવા માટે ઘણું બધુ છે.

શું તમે જે લોકોને મદદ કરો છો તેઓ તમને સમજશે? જો તમે એવા કુટુંબમાંથી આવતા હો જેઓ અન્ય દેશમાંથી આવતા હોય તો તમે કદાચ એવા લોકોને મળશો જેઓ તમને મદદ કરવા તત્પર હોઇ શકે પરંતુ તમે શું ઇચ્છો છો અથવા તમારા કુટુંબને શું જોઇએ છે એ તેઓ જાણતા નથી.

જ્યારે આપણે એવા લોકો વિષે વાત કરીએ જેઓ અન્ય દેશોમાંથી આવતા હોય ત્યારે આપણે 'કાળા અને લઘુમતી વંશમૂળની જાતિઓ' ('Black and ethnic minority communities') અથવા 'BME જાતિ' કહીએ છીએ. જો તમે 'BME જાતિ' માંથી આવતા હો તો તમે કદાચ એવો સમય શોધશો કે તમારે વયસ્ક બનવાનું મુશ્કેલ બની રહયું છે. કદાચ જે લોકો તમને મદદ

કરવાના છે તેઓ તમારા ધર્મ અને જીવન જીવવાની શૈલી સમજતા નથી. તેઓ કદાચ તમારા કુટુંબની જેમ સમાન ભાષા ના બોલે. તમારુ કુટુંબ કદાચ તમારી બધી તકો વિષે જાણતું ના હોય. તેઓ પાસે કદાચ તમારા માટે શ્રેષ્ઠ શું છે એ વિષે સઘન વિચારો હોઇ શકે છે. તમને શું થવાનું છે એ વિષે તેઓ કદાચ ચિંતિત હશે. આ તમને વધારે ચિંતિત બનાવી શકે છે.

જો તમે સારી માહિતી મેળવો તો આમાંની કેટલીક મુશ્કેલીઓ પર મદદ મેળવવા એ તમને મદદરુપ હોવી જોઇએ. આ બધી માહિતીને તમારા માટે સાથે રાખવાની જરુર છે. આને સંક્રમણ યોજના કહેવાય છે. જ્યારે તમે 9 વર્ષના હો અથવા જ્યારે તમે 14 વર્ષના થાઓ ત્યારે એ શરુ થવી જોઇએ. ચિંતા કરશો નહીં જો તમારી યોજના શરુ થઇ ના હોય. આયોજન કોઇ પણ સમયે કરી શકાય છે પરંતુ શું તમારા માટે લાંબો સમય લેવો એ શ્રેષ્ઠ છે? જે લોકો તમારી સંક્રમણ યોજના માટે તમને મદદ કરે છે તેઓ એવા લોકો હોવા જોઇએ જેઓ તમને જાણે છે અને સમજે છે કે તમારે શું જોઇએ છે.

તમારુ કુટુંબ

તેઓ સાથે તમારા વિચારોની ચર્ચા કરો. જો તમારા વિષેની કોઇ બેઠકોમાં તેઓ જાય તો તેઓ દુભાષિયાની માંગણી કરી શકે છે જો તેઓ બધા સમયે અંગ્રેજી બોલતા ના હોય. તેઓ એટલા ચિંતિત નહીં રહે જો તેઓ જાણતા હોય કે તમારી સાથે જે કઇ થાય છે એ સંભાળપૂર્વક પૂર્વનિયોજિત છે.

તમારા મિત્રો

જે લોકો તમને સારી રીતે જાણે છે તેઓ પાસે વધુ સારા વિચારો હોઇ શકે છે કે તમને શું અનુરુપ હોવું જોઇએ. જૂના મિત્રો તેઓ સાથે શું બન્યું એ વિષે કદાચ કહી શકે અને તમને કેટલાક નવા વિચારો આપી શકે છે. તેઓની ભૂલોમાંથી કદાચ તમે પણ કઇક શીખો!

તમારા શિક્ષકો

જે લોકોએ શાળામાં તમારી સાથે કામ કર્યુ છે તેઓ તમે શેમાં સારા છો અને તમારી રુચિ શું રહેલી છે એવી બધી બાબતો તેઓ જાણતા હશે.

તમારા સ્વાસ્થ્ય કાર્યકરો

તમારી સ્વાસ્થ્યની મુશ્કેલીને કારણે જે લોકોએ તમને સહાય કરી છે તેઓ કહી શકશે કે તમારા માટે શું મુશ્કેલભર્યુ હોઇ શકે અને તેઓ પર મદદ કરવા ભલામણો કરી શકશે.

તમારા સામાજિક કાર્યકરો
જે લોકોએ કદાચ તમને અને તમારા કુટુંબને તમારી રોજીંદા જીવનમાં શ્રેષ્ઠ મદદ મેળવવા સહાય કરી હોય તેઓએ બાળકથી વયસ્ક બનવા વિષેની સેવાઓ વિષે પણ જાણવું જોઇએ.

વધુ માહિતી શોધવા માટે અહીં ઉપયોગી સાઇટોની યાદી છે. એમાંની બધી સમજ્વાની સહેલી નથી તેથી તમારી સાથે અન્ય કોઇએ પણ તેઓ પર નજર કરવી પડશે.

www.connexions-direct.com

www.oneforus.com/

www.after16.org.uk

www.cafamily.org.uk

http://www.trans-active.org.uk/

http://www.scie.org.uk/publications/tra/index.asp

www.myfuturechoices.org.uk